# હયાતી ન કરાવનારનું ઓગષ્ટ માસથી પેન્શન બંધ થશે

## અશક્ત કે લકવાગ્રસ્તોની હયાતી સરકારી નિયુક્ત કર્મચારી ઘરે આવીને કરી જશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, નાણા વિભાગના પરિપત્ર મુજબ દરેક પેન્શનર નિવૃત્ત કર્મચારીએ મે, જૂન, જુલાઈ માસમાં પોતે હયાત છે તેની નોંધ સાબિતી સ્વરૂપે આપવાની હોય છે. વર્ષ-૨૦૧૩માં મે, જૂન અને જુલાઈ માસ દરમિયાન નગરના નિવૃત્ત પેન્શનર્સે પોતાની હયાતી અંગેની નોંધ બેંકમાં અથવા જિલ્લા-તાલુકા તિજોરી કચેરીને નોંધાવાની રહેશે. નિયત સમયમાં હયાતી ન કરાવનારનું ઓગષ્ટ માસથી પેન્શન બંધ થશે તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

પેન્શનર્સ-કુટુંબ પેન્શનર્સે જે બેંકમાં પેન્શન મેળવતા હોય તે બેંકમાં મે, જૂન માસમાં હયાતી કરવા જિલ્લા, તાલુકા પેન્શનર મંડળોને જણાવવામાં આવે છે. હયાતી કરાવતી વખતે પેન્સનર્સે બેંકની ચોપડી, પી.પી.ઓ. બુક સાથે રાખવી જરૂરી છે. ખાસ નોંધનીય બાબત એ છે કે, જે પેન્શનર અશક્ત હોય, બિમાર હોય કે લકવાગ્રસ્ત હોય તેમને તાલુકા, જિલ્લા તિજોરી અધિકારીને લેખિત અરજી કરવાથી સ્થાનિક અધિકારી કે કર્મચારી ઘરે આવીને હયાતી કરી જશે એમ પ્રાપ્ત સૂત્રોએ જણાવ્યું છે.

# સેક્ટર-૧૧ શોપીંગ કોમ્પ્લેક્ષ સામે ટ્રાફિક જામની ભયંકર સમસ્યા

ગાંધીનગર, તા. ૯

શહેરના સૌથી વ્યસ્ત



કોર્મશીયલ વિસ્તાર એવા સેક્ટર-૧૧ના સુમનટાવર વિસ્તારમાં રોજેરોજ ટ્રાફિક ચકકાજામની સમસ્યા થવાથી વાહનચાલકોને અને આ વિસ્તારના મુલાકાતિઓ તેમજ કર્મચારીઓને અનેક તકલીફોનો સામનો કરવાનો આવે છે તેમજ દિવસ દરમિયાન અસંખ્ય નાનીમોટી તકરારો થવા પામે છે.

આ વિસ્તારના શહેરના મોટાભાગના કોર્મશિયલ કોમ્પ્યપલેક્ષ આવેલા છે. જેમાં -ઈવેટ કંપનીની ઓફિસો, વિવિધ શો-રૂમ, ઈન્સ્યુરન્સ અને શેરબજારની ઓફિસો, મલ્ટીપ્લેક્ષ સિનેમાગૃહ, પેટ્રોલપંપ, ગેસકંપની, બેંકો, ખાનગી ટયૂશન અને કોમ્પ્યૂટરના વર્ગો ઉપરાંત ખાણીપીણીનું બજાર વિકસેલું છે. આથી ઓફિસ સમય દરમિયાન અનેક ધંધાર્થીઓ, કર્મચારીઓ,



(તસવીર : હરકિશનસિંહ એમ. વાઘેલા, સમીર વી. રામી)

વિધાર્થીઓ અને નાગરિકો આ વિસ્તારની મુલાકાતે આવે છે. જેથી આ વિસ્તારમાં અસંખ્ય વાહનોનો ખડકલો થવા પામે છે. આમ તો અહી વિવિધ પાર્કિંગ લોટ બનાવેલ છે,પરંતુ એક સાથે ખૂબ ટ્રાફિકનો ધસારો થવાથી આ પાર્કિંગ લોટ નાના પડવા લાગ્યા છે. ખાણી-પીણીની રેકડીઓ અને ચાની કિટલિઓ અહી અડ્ડા જમાવેલી જોવા મળે છે. અસંખ્ય ટુ અને ફોર વ્હીલર્સના ટ્રાફિક વચ્ચે રસ્તા પર આડેધડ થતું પાર્કિંગ છાશવારે ચકકાજામ માટે કારણરૂપ બને છે. જેના કારણે દિવસ દરમ્યાન અનેક વાહનોની ટકકર થવી, ધસરકા પડવા વગેરે જેવી અસંખ્ય ઘટનાઓ બની છે. જેના લીધે નાનીમોટી તકરારોની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે, તેવું રેકડીવાળાએ વાતચિત દરમિયાન જણાવેલ હતું.

ખાસ કરીને સિનેમાગૃહના મોર્નિંગ શોના પિકચર છુટવાના સમયે તેમજ ટયૂશન-કોમ્પ્યૂટર કલાસિસ છુટવાના સમયે મોટી



સંખ્યામાં યુવાનો અને ટિનેજર વાહનો ચાલકો દ્વારા સાંકડા રસ્તા પર -થમ બહાર નિકળવાની હોડ જામતી હોવાથી ટ્રાફિકમાં મોટી અડચણ ઉભી થાય છે.આ સમસ્યા ગેસ ભરવા અથવા બેંકના કામકાજ અર્થે આવતા વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ માટે મુશ્કેલીભરી પરિસ્થિતિનું નિર્માણ કરે છે. આટલા બધા કોમ્પ્લેક્ષની તુલનામાં આ રસ્તા સાંકડા પડવા લાગ્યા છે, તેવું સ્પષ્ટપણે જણાય છે.

શહેરના ટ્રાફિક પોલીસ દ્વારા જો અહીં ઓફિસ સમય દરમિયાન કાયમી એક-બે ટ્રાફિક કોન્સ્ટેબલનો બંદોબસ્ત રાખવામાં આવે તો આડેધડ અને નડતરરૂપ થતા પાર્કિંગની સમસ્યા અને બેફામ ડ્રાઈવીંગના કારણે થતી નાનીમોટી અકસ્માતની સમસ્યાઓ નિવારી શકાય તેવું સ્થાનિક વેપારીઓ અને મુલાકાતીઓનું માનવું છે.

# ચંદ્રમૌલેશ્વર શિવકથાની પૂર્ણાહુતિએ યાત્રા તથા સેવાભાવિકોનું સન્માન યોજાયું

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સહેરના જાણીતા શિવમંદિર ચંદ્રમૌલેશ્વર ખાતે તાજેતરમાં શિવકથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શિવકથાની પૂર્ણાહુતિ પ્રસંગે ભવ્ય યાત્રા તથા દાતાઓ અને સેવાભાવી સજ્જનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના સેક્ટર-૨-બી સ્થિત ચંદ્ર મૌલેશ્વર મહાદેવ મંદિરે ચૈત્ર માસના પવિત્ર દિવસોમાં મધુસુધન મહારાજની વ્યાસપીઠે શિવકથાનું સુંદર પારાયણ થઈ ગયું. અમાસના દિવસે તેની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. પૂર્ણાહુતિ પ્રસંગે ભવ્ય યાત્રા કાઢવામાં આવી હતી. કથામાં સ્થાનિકજનો તથા ભક્તનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કથામાં દાન કરનાર દાતાઓનું આ પ્રસંગે મોમેન્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. શિવ મંદિર કમિટિ દ્વારા સમગ્ર શિવકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથામાં સેવાભાવી સજ્જનોએ સંપૂર્ણ સાથ સહકાર આપ્યો હતો. આ પ્રસંગે મહાઆરતીનો લાભ મૂળજીભાઈ તથા તેમના પરિવારજનો દ્વારા લેવામાં આવ્યો હતો. વોર્ડ ૧૧ના કોર્પોરેટરોએ પણ કથાનો લાભ લીધો હતો.

# સેક્ટર-૨ના પેન્શનર્સના પૌત્રાદિકોને સન્માનીત કરાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ના પેન્શનર્સે તેમના પુત્રોના બાળકો કે જે ધોરણ ૧ થી ધોરણ - ૯માં અભ્યાસ કરતા હોય અને ચાલુ સાલે તેઓએ ૭૫ ટકા ઉપર માર્કસ મેળવ્યા હોય તેવા સજ્જને પેન્શનરનું નામ, સભ્ય નંબર, સરનામુ, ફોન નંબર, બાળકનું નામ તેમજ ગુણપત્રકની એક નકલ સેક્ટર-૨ના કારોબારી સભ્યોને તાત્કાલિક મોકલવી જેથી ઈનામ મેળવી શકાય.

સેક્ટર-૨ના જિતેન્દ્ર પુરોહિત પ્લોટ નં. ૪૮૬/૧ અથવા કારોબારી સભ્ય ડી.પી. સંઘાણી, મંગળદાસ ચૌહાણ, અમીધર જરદોશ કે નિરંજન ઓઝાને જે તે પેન્શનર સભ્યએ પોતાના પૌત્ર-પૌત્રાદિકની ગુણપત્રકની નકલ મોકલી દેવી. આગામી ઈનામોત્સવ કાર્યક્રમમાં જે વિદ્યાર્થીઓના નામ આવ્યા હશે તેને ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે.

## ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક શનિવારે યોજાશે

ભાજપાના પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે ગુજરાતમાં બે જુનના યોજાનારી બે લોકસભાની અને ચાર વિધાનસભાની બેઠકોની પેટાચૂંટણીના ઉમેદવારોની ચર્ચા માટે ભાજપાની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ૧૧મી મેના રોજ ગાંધીનગરમાં પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુની અધ્યક્ષતામા મળશે. આ બેઠકમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, ભાજપા પ્રદેશ અગ્રણી તેમજ રાજ્યસભા સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા સહિત અપેક્ષિત સભ્યો હાજર રહેશે.

# રીઢા ચોરને તડીપાર કરીને પોલીસ જુનાગઢ મુકી આવી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ચોરીઓ કરનાર રીઢા ચોરને તડીપાર કરવા દરખાસ્ત થઈ હતી તે મંજુર થઈ ગયા બાદ પણ ચંદ્રાલાનો ચોર નાસતો ફરતો હતો. દરમ્યાન ગઈકાલે ડભોડા પોલીસે તે શખ્સને ઝડપી પાડીને તડીપારની બજવણી કરી જૂનાગઢ જિલ્લામાં મુકી આવી છે. રિઢો ચોર પાંચ જિલ્લામાંથી તડીપાર થયેલો છે.

ગાંધીનગર પાસેના ચંદ્રાલા ગામમાં રહેતો શખ્સ અનાજી ઉર્ફે અરવિંદજી કચરાજી ઠાકોર ગ્રામ્ય વિસ્તારોમાં ચોરી કરવાના કેસમાં ઘણીવાર પકડાઈ ચુકેલો હતો. રીઢા ચોરને તડીપાર કરવા દરખાસ્ત કરવામાં આવી હતી જે મંજુર થઈ જતાં પાંચ જિલ્લા ગાંધીનગર, અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, મહેસાણા અને સાબરકાંઠામાંથી તડીપાર કરવાનો હૂકમ થયેલો હતો. ત્યારથી નાસ્તોફરતો રિઢો ચોર અનાજી ઠાકોર ગઈકાલે ડભોડા પોલીસના સકંજામાં આવી ગયો હતો અને પકડી પાડીને તેને જૂનાગઢ જિલ્લામાં પોલીસ મુકી આવી છે.

# ગ્રામભારતી જૈન તીર્થમાં પંચાહિનકા મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૯

શ્રી પુનિતધામ જૈન તીર્થ મધ્યે શ્રી સીમંધર સ્વામી જિનાલયની ચતુર્થ સાલગીરી તથા વર્ષીતપના આરાધકોના પારણા નિમિત્તે તા. ૧૨મી મે-૨૦૧૩ થી ૧૬મી મે ૨૦૧૩ સુધી પંચાહિન કા મહોત્સવ પેથાપુર મહુડી હાઈવે રોડ, ગ્રામભારતી પાસે આવેલા શ્રી પુનિતધામ જૈન તીર્થમાં પંચાહિન કા મહોત્સવ ઉજવાશે.

મહામંગલકારી શ્રી અષ્ટાપદજીની પૂજા ૧૨મી મે સવારે ૧૦ કલાકે યોજાશે. ૧૩મીએ સવારે ૭ કલાકે પૂજ્ય ગુરુદેવનું માંગલિક પ્રવચન, ૧૪મીએ ૧૦ કલાકે નવકારશી અને પંચ કલ્યાણક પૂજા તથા ૧૫મીએ સ્વામીવાત્સલ્ય પીસ્તાલીસ આગમ મહાપૂજા બપોરે ૧ કલાકે અને ૧૬મીએ બપોરે વિજય મુહૂર્ત ગુજરાતભરમાં સૌ પ્રથમવાર ૧૦૮ શ્રી સીમંધર સ્વામીના જિનબિંબો ઉપર ૧૦૮ કપલ સહિત ભવ્યાતિભવ્ય અનુષ્ઠાન સવારે ૭ કલાકે યોજાશે અને ધજા આરોહણ વિધિ સંપન્ન થશે.

# પલ્સર પર આવતા ચેઈન સ્નેચરનું વધુ એક કારસ્તાન

## સ્વામિનારાયણ ધામ સર્વિસ રોડ પર જતી મહિલાના ગળામાંથી દોઢ તોલાનો દોરો આંચકી ફરાર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર વિસ્તારમાં પલ્સર બાઈક લઈને ચેઈન સ્નેચીંગ કરવા નીકળતા બે શખ્સોએ વસાહતીઓને ભયમાં મુકી દીધા છે. દર આંતરે દિવસે ચેઈન સ્નેચીંગની ફરીયાદ થોડા દિવસોથી શરૂ થઈ ગઈ છે. ત્યારે આજે વધુ એક ચેઈન સ્નેચીંગ કરીને પલ્સર પર આવેલા બન્ને શખ્સો ફરાર થઈ જવામાં સફળ રહ્યા છે. કુડાસણ પાસે સ્વામિનારાયણ ધામ સર્વિસ રોડ આજે ધોળે દિવસે આ ઘટના બની હતી. જેમાં મહિલાના ગળામાંથી દોઢ તોલા વજનની ચેઈન આંચકી બાઈક પર આવેલ ચેઈન સ્નેચર રફુચક્કર થઈ ગયા હતા.

કુડાસણ, સ્વામિનારાયણ ધામ ખાતે સ્થિત ઉમીયા કોમ્પલેક્ષ મકાન નં. ૨૦/૧૧માં રહેતા મનિષાબેન કિરણગીરી ગોસ્વામી આજે બપોરે દોઢ વાગ્યાના સુમારે સ્વામિનારાયણ ધામ સર્વિસ રોડ પર ચાલતા જઈ રહ્યા હતા તે દરમ્યાન કાળા રંગનું પલ્સર બાઈક લઈને આવેલા બે ચેઈન સ્નેચરો તેમની પાસે આવ્યા અને ગળે હાથ મારીને દોઢ તોલા વજનનો રૂ. ૨૫ હજારની કિંમતના સોનાનો ચેઈન ખેંચી બાઈક પર રફુચક્કર થઈ ગયા હતા. મહિલાએ બુમાબુમ કરતાં આસપાસના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચરો ગાયબ થઈ ગયા હતા. સે. ૭ પોલીસે મહિલાની ફરીયાદને આધારે ચેઈન સ્નેચીંગનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

### આવી ઘટનામાં સૌ પહેલા પોલીસ કંટ્રોલમાં કોલ કરો...!

ગાંધીનગરના તમામ પ્રવેશદ્વારો પર પોલીસ વાહનચેકીંગ માટે તથા સુરક્ષા માટે મુકવામાં આવી છે. તાજેતરમાં જ વાહનચેકીંગ દરમિયાન ૭૦ કિલો ચાંદી પોલીસે પકડી હતુ અને તે ઉપરાંત સુરતના વેપારીનું અપહરણ કરનાર શખ્સો પણ વાહનચેકીંગ દરમ્યાન જ પકડાયા હતા. ચેઈન સ્નેચીંગ, બેગ લીફટીંગ જેવા ગુનાઓબને ત્યારે સામાન્ય રીતે ટોળુ વળી જાય છે અને ભયભીત થઈ ગયેલા ભોગ બનનાર વ્યક્તિને અર્થ વિહીન સવાલો કરવામાં સમય બગાડે છે. આવા સમયમાં જો તુરત જ પોલીસ કંટ્રોલ નં. ૧૦૦ અથવા ૦૭૯-૨૩૨-૧૦૯૧૪ ઉપર કોલ કરવામાં આવે તો તાત્કાલિક પ્રવેશદ્વારો પર નાકાબંધી કરાવી દઈને આરોપીઓને પકડી પાડવામાં સફળતા મેળવી શકાય છે. જો પોલીસને મોડી જાણ કરવામાં આવે તો ત્યાં સુધીમાં આરોપીઓ બીજા જિલ્લા સુધી પણ પહોંચી ગયા હોય તે શક્ય બને છે. ભોગ બનનાર વ્યક્તિ સિવાય પણ જેણે આ ઘટનાને દેખી હોય તેની આસપાસની વ્યક્તિઓ પૈકી પણ કોઈ વ્યક્તિ કોલ કરીને પોલીસને જાણ કરી શકે છે જેથી પોલીસ તે શકમંદોને જણાવેલા વર્ણનને આધારે શોધી શકે છે.



'રાજા રણછોડ તારી મૂર્તિ રે... કેમ ભૂલી જવાય...' કૃષ્ણ ભગવાનની અનેક લીલાઓ પૃથ્વી વાસીઓએ ક્યાંક ને ક્યાંક મૂર્તિ સ્વરૂપે, કલાકૃતિ તરીકે કંડારી છે. ચિત્રકાર કૃષ્ણકાન્ત એલ. જોષીએ પણ તાજેતરમાં ભગવાનશ્રી રાજા રણછોડરાયજી દ્વારકાથી ડાકોર આવ્યા તેના ઈતિહાસની અમૂલ્ય પળોને પીંછીના રંગોથી કાગળમાં ઉતારી છે. દ્વારકાથી ડાકોરના ઈતિહાસની ૨૦ ઘટનાઓને ચિત્રકારે સુંદર ચિત્રોમાં ઉતારી છે અને ડાકોરના મંદિરને ભેટ ધરી છે ત્યારની આ તસવીર....

# તુરી બારોટ કલાકારોની નાટ્ય સંસ્થાને રૂા. ૧ લાખની સહાય

રાજ્ય સરકાર દ્વારા તુરી બારોટ કલાકારોની સંસ્થા કે મંડળીને જુના નાટકો ભજવવા માટે રૂા. એક લાખ સુધીની આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત ગુજરાત રાજ્યમાં રહેતા તુરી બારોટ કલાકારોની ઓછામાં ઓછી પાંચ વર્ષથી કાર્યરત સંસ્થા મંડળીને જુના નાટકો ભજવવા માટે રૂા. ૨૫૦૦૦ની આર્થિક સહાય તથા વધુમાં વધુ પાંચ શો માટે શો દિઠ રૂા. ૧૫૦૦૦ મળી કુલ એક લાખની સહાય આપવામાં આવશે. આ સહાય માટે નાટકમાં કામ કરતા કલાકારો તુરી બારોટ સમાજના હોવા જરૂરી છે. નાટક કે વેશ જુના અને નવા પરંપરાગત હોવા આવશ્યક છે. આ યોજના અંતર્ગત આર્થિક સહાય મેળવવા ઈચ્છતી સંસ્થાઓએ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં.૯/૧, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી તા. ૧૦ જુન સુધીમાં નિયત ફોર્મ મેળવી લેવા.

# ગાંધીનગર જિલ્લામાં પાંચ વર્ષમાં ફળ પાકોના ઉત્પાદનમાં ૬૫૪૦ મેટ્રીક ટનનો વધારો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ફળોના પાકોના ઉત્પાદનમાં ૬૫૪૦ મેટ્રિક ટનનો વધારો થયો છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૨૦૪૩, દહેગામમાં ૧૫૭૭, કલોલ તાલુકામાં ૮૫૯ અને માણસા તાલુકામાં ૨૦૬૧ મેટ્રિક ટન ફળ પાકોના ઉત્પાદનમાં વધારો થયો છે.

ગાંધીનગર જિલ્લામાં ફળોના રાજા કેરીનું વાવેતર વર્ષ- ૨૦૦૮-૦૯માં ૯૬૭ હેકટરમાં થતું હતું. જયારે વર્ષ- ૨૦૧૨-૧૩માં આ વાવેતર ૧૦૩૭ હેકટર થયું છે. વર્ષ- ૨૦૦૮-૦૯માં કેરીનું ઉત્પાદન ૨૪૧૮ મેટ્રિક ટન હતું. વર્ષ- ૨૦૧૨-૧૩માં કેરીનું ઉત્પાદન ૮૯૧૮ મેટ્રિક ટન થયું છે. સમગ્ર જિલ્લામાં કેરીના ઉત્પાદનમાં ગાંધીનગર તાલુકો મોખરાનું સ્થાન ધરાવે છે.

ગાંધીનગર જિલ્લામાં આગામી તા.૧૪મી મે,૨૦૧૩થી કૃષિ મહોત્સવનો આરંભ થઈ રહ્યો છે. આ કૃષિ મહોત્સવમાં ખેડૂતો ફળ પાકોનું વાવેતર કરતાં થાય તે માટેની યોગ્ય માર્ગદર્શન આપવાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. રાજયમાં વર્ષ-૨૦૦૫થી કૃષિ મહોત્સવનો આરંભ થયો હતો. તે પછી જિલ્લાના ખેડૂતોમાં ફળો પાકોનું વાવેતર વધ્યું છે. ગાંધીનગર જિલ્લામાં વર્ષ- ૨૦૦૮-૨૦૦૯ ચીકુનું વાવેતર-૮૬૮ હેકટર વિસ્તારમાં અને ઉત્પાદન ૧૦,૮૦૭ મેટ્રિકટન હતું. વર્ષ-૨૦૧૨-૧૩માં ચીકુનું વાવેતર ૯૨૨ હેકટર વિસ્તાર થયું છે, તેનું ઉત્પાદન ૧૧,૫૨૫ મેટ્રિક ટન છે. તે ઉપરાંત લીબું ઉત્પાદન વર્ષ - ૨૦૦૮-૦૯માં ૨૩,૦૮૧ મેટ્રિક ટન હતું. વર્ષ-૨૦૧૨-૧૩માં લીબુંનું ઉત્પાદન વધીને ૨૪,૬૧૨ મેટ્રિક ટન થઈ ગયું છે. તેવી જ રીતે વર્ષ-૨૦૦૮-૨૦૦૯ કરતાં વર્ષ-૨૦૧૨-૨૦૧૩માં બોરના ઉત્પાદનમાં ૧૧૩ મેટ્રિક ટન, જામફળના ઉત્પાદનમાં ૭૭૪ મેટ્રિક ટન, દાડમના ઉત્પાદનમાં ૧૬૫ મેટ્રિક ટન, પપૈયાના ઉત્પાદનમાં ૬૧૩૪ મેટ્રિક ટનનો વધારો થયો છે. તેમજ વર્ષ-૨૦૧૨-૧૩માં જાંબુનું ૧૩૫૪.૨ મેટ્રિક ટન, રાયણનું ૩૮૪૦ મેટ્રિક ટન અને ફાલસાનું ૪૧૦૩ મેટ્રિક ટન ઉત્પાદન થયું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧

સૂર્યાસ્ત : ૬.૫૯

## તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૨૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સ્ટાર ટ્રેક ઈનટુ ડાર્કનેસ (૩ડી)(અંગ્રેજી) : ૯.૧૫, ૫.૦૦,૧૦.૧૫

છોટા ભીમ : ૧૨.૦૦

આઈરોન મેન (૩ડી)(હિન્દી) : ૨.૧૫

બોમ્બે ટોકીસ : ૭.૪૫

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૪.૦૦, ૬.૧૫, ૮.૩૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :

ગીપ્પી : ૯.૩૦, ૧.૩૦, ૬.૦૦

આશિકી-૨ : ૧૧.૦૦, ૩.૩૦, ૬.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ગો ગોઆ ગોને: ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

ફોર ટુ કા વન : ૧૦.૦૦, ૫.૦૦

ગીપ્પી : ૧૨.૦૦, ૩.૦૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

આશિકી-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સાંસ્કૃતિ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા ઈન્ફોસિટિ કલબ ગ્રાઉન્ડ ખાત રાત્રે ૯.૩૦ કલાકે ગ્રીષ્મોત્સવનો પ્રારંભ

## આપની આજ

**મેષ** : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. માધાભાઈ હરજીભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૬૯) મુ.પો. તારાપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. ઈન્દિરાબેન જયંતિલાલ ત્રિવેદી(ઉ.વ. ૭૮) વૃદ્ધાશ્રમ, કૈલાસધામ, મહુડી રોડ, મુ.પો. પેથાપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. દક્ષાબેન હરીશભાઈ સોલંકી (ઉ.વ. ૩૬) બ્લોક નં. ૮૩૩, સોમેશ્વર સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર.